# <u>સકસેસ સ્ટોરી (૩)</u>

**<u>કેસ નં.૩૭૫/૨૦૦૯</u>**

અરજદારઃ શ્રીમતી જાગૃતિબેન બળવંતરાય મહેતા, કલોલ જિ. ગાંધીનગર
વિ.
પ્રતિવાદીઃ
( ૧) પ્રમુખશ્રી, વડુ જુથ કેળવણી મંડળ, કડી, જિ.ગાંધીનગર
( ૨) આચાર્યશ્રી, વિશ્વભારતી હાઈસ્કુલ, વડુ, તા.કડી જિ. મહેસાણા
( ૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા

અરજદાર શ્રીમતી જાગૃતિબેન ઉપરોકત પ્રતિવાદી પક્ષની શાળામાં તા.૦૯/૧૨/૨૦૦૦ થી સને ૨૦૦૫ સુધી શિક્ષણ સહાયક તરીકે જોડાયેલ અને ત્યારબાદ પૂર્ણ સમયના મનો વિજ્ઞાનના તાલીમી શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. સંસ્થાના સેવાકાળ દરમ્યાન તેઓ ૧૦૦% અંધત્વ પ્રકારના શારીરિક વિકલાંગ થયેલ. આ બાબતનું સરકારી હોસ્પિટલના મેડીકલ બોર્ડ પાસેથી શારીરિક વિકલાંગતાનું પ્રમાણપત્ર તેઓએ સંસ્થાને રજુ કરેલ.

અરજદારશ્રી શારીરિક વિકલાંગ થતાં સંસ્થાએ તેમને ફરજ ઉપર હાજર કરવાની ના પાડેલ અને તેમનો પગાર પણ બંધ કરેલ. અરજદારશ્રીએ અરજી કરતાં જિલ્લા શિક્ષણાધિારી, મહેસાણા દવારા પણ અરજદારને ફરજ ઉપર હાજર કરવા ઉપરોકત પ્રતિવાદી નં.૧–૨ ને લેખિત હુકમો કરેલા છતાં અરજદારને ફરજ ઉપર હાજર કરવાની પ્રતિવાદી શાળામંડળે ના પાડેલ. તેથી અરજદારશ્રીએ આ ન્યાયીક ફોરમ સમક્ષ વિકલાંગ ધારા, ૧૯૯૫ની કલમ–૨(એ), ૪૭, ૬૧, ૬૨ અને ૬૩ હેઠળ દાદ માંગતી અરજી કરેલ અને ન્યાયની માંગણી કરતી ફરિયાદ આ ન્યાયીક ફોરમ સમક્ષ મોકલેલ છે.

અરજદારશ્રીની ફરીયાદના આધારે આ કોર્ટ દવારા ઉપરોકત અરજદાર અને પ્રતિવાદીઓને સુનાવણી સારૂ કમિશ્નરશ્રીએ બોલાવેલ અને સુનાવણી કર્યા બાદ અરજદારની અરજી અને દાદ પરત્વે યોગ્ય તે હુકમો કરેલ છે. તે હુકમથી તરત જ પ્રતિવાદી શાળામંડળે તેમના હસ્તકની શાળામાં અરજદારને હાજર કરેલ છે. જે અનુસાર અરજદારને નોકરીમાં પુનઃ હાજર કરેલ છે. આમ અરજદારની માંગણી મુજબ તેમને નોકરીમાં કોઈ ત્રુટ (બ્રેક) વગર પ્રતિવાદી નં.(૨) શાળામાં હાજર કરેલ છે અને અરજદારનો પુનઃ સમાવેશ કરી, આ ન્યાયીક ફોરમના હુકમનો અમલ કરેલ છે. આ કિસ્સામાં સેવાકાળ દરમ્યાન ૧૦૦% દૃષ્ટિહીન અરજદાર બહેનને આ અદાલતના હુકમના આદેશથી નોકરીમાં ચાલુ રાખેલ છે.